અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટેની પોસ્ટ મેટ્રીક સ્કોલરશીપ યોજના અંતર્ગત ફ્રીશીપકાર્ડ મેળવતા વિદ્યાર્થીઓને તમામ સ્કોલરશીપનું ચૂકવણુ વિદ્યાર્થીઓના જ બેંક ખાતામાં કરવા તેમજ ફ્રીશીપકાર્ડના નમુનામાં ફેરફાર અંગે.

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:અજાક/૧૦/૨૦૨૦/૨૬૦૩૬૭/ગ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૧/૦૬/૨૦૨૧

વંચાણે લીધા:

(૧) શિક્ષણ વિભાગનો તા.૨૧/૦૮/૨૦૧૩નો ઠરાવ ક્રમાંક : સસક/૧૦૧૩/૫૪૯/છ

(૨) ભારત સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રાલયનો તા.30/03/2021નો પત્ર ક્રમાંક:14011/04/2019-SCD-V(Part-1)

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા.૧૩/૦૫/૨૦૨૧નો પત્ર ક્રમાંક: અજાક/ગ-૧/૬/૨૧-૨૨/૨૧૮૦

આમુખ:

ભારત સરકાર દ્વારા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓના ઉત્કર્ષ માટે પોસ્ટ મેટ્રિક સ્કોલરશીપની યોજના અમલમાં છે. જે અન્વયે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા ગુજરાત રાજ્યના અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પોસ્ટ મેટ્રિક સ્કોલરશીપ આપવામાં આવે છે. વંચાણે લીધેલ ક્રમાંક : (૧) પરના શિક્ષણ વિભાગના તા.૨૧/૦૮/૨૦૧૩ના ઠરાવથી અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પોસ્ટ મેટ્રીક સ્કોલરશીપમાં ફ્રીશીપકાર્ડ આપવાની યોજના અમલમાં છે. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા જિલ્લા કચેરીઓ પાસેથી મેળવેલ ફ્રીશીપકાર્ડ સ્વનિર્ભર સંસ્થાને રજૂ થયેથી સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓને શિક્ષણ ફી લીધા સિવાય પ્રવેશ આપવામાં આવે છે. ત્યારબાદ વિદ્યાર્થી જ્યારે શિષ્યવૃત્તિનું ફોર્મ ભરે ત્યારે સંબંધિત સંસ્થાને શિક્ષણ ફી ચૂકવવામાં આવે છે, જયારે નિભાવ ખર્ચ તથા અન્ય ફી વિદ્યાર્થીના ખાતામાં ચૂકવવામાં આવે છે. વંચાણે લીધેલ ક્રમાંક : (૨) ઉપરના પત્રથી ભારત સરકાર દ્વારા પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૦-૨૧ થી ૨૦૨૫-૨૬ માટે રીવાઇઝડ ગાઇડલાઇન્સ બહાર પાડવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક : (૩) ઉપરના પત્રથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા ભારત સરકારની અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાની રીવાઇઝડ ગાઈડલાઈન અન્વયે શૈક્ષણિક વર્ષ:૨૦૨૧-૨૨થી ફ્રીશીપકાર્ડ યોજના અંતર્ગત એડમીશન મેળવતા વિદ્યાર્થીઓની તમામ શિષ્યવૃત્તિ વિદ્યાર્થીના જ બેંક ખાતામાં ચૂકવવાની મંજુરી આપવા તેમજ રીવાઇઝડ ગાઇડલાઇન મુજબ ફ્રીશીપકાર્ડના નમુનામાં પણ ફેરફાર કરવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.



Scanned with CamScanner

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે, નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, દ્વારા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટેની ભારત સરકારની પોસ્ટ મેટ્રિક સ્કોલરશીપ યોજનાની રીવાઇઝડ ગાઇડલાઇન (વર્ષ ૨૦૨૦-૨૧ થી ૨૦૨૫-૨૬) અન્વયે સરકાર માન્ય સ્વનિર્ભર (સેલ્ફ ફાઈનાંસ સંસ્થાઓ /કોલેજોમાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે આપવામાં આવતા ફ્રીશીપકાર્ડના નમુનામાં ફેરફાર માટેની દરખાસ્ત ગ્રાહ્ય રાખવામાં આવે છે. તેમજ ફ્રીશીપકાર્ડ યોજનામાં શૈક્ષણિક વર્ષ: ૨૦૨૧-૨૨થી એડમીશન મેળવતા વિદ્યાર્થીઓની તમામ શિષ્યવૃત્તિ વિદ્યાર્થીના જ બેંક ખાતામાં ચૂકવવાનું આથી ઠરાવવામાં આવે છે.

ભારત સરકારની રીવાઇઝડ ગાઇડલાઇનની તમામ શરતોનું પાલન કરવાનું રહેશે.

સદરહું ઠરાવ સમાન ક્રમાંકની ફાઈલ ઉપર માન.મંત્રીશ્રી(સા.ન્યા)ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ.રાજેશ આર. બલદાણિયા)
ઉપ સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(સા.ન્યા)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી / ઉપ સચિવશ્રી(વિજાક/સ.સુ), સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ, બ્લોક:નં ૪, ડૉ જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ.
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૧



Scanned with CamScanner